સંપાદકીય

વાસંતિક પવનની મોસમ

આ વરસે વસંત પંચમી વહેલી આવી ગઈ હોય એવું લાગે, કારણ કે હજુ રાત્રિનો શિયાળાનો ઘેરાવો ચાલુ રહ્યો છે. વસંત ઋતુનાં નક્ષત્રો મધ્યાકાશમાં દેખાવા લાગ્યાં છે. ફળિયામાં ખાટલે લાંબા થઈને રાતે આસમાનના સિતારાઓ સગી આંખે જોવાનું સુખ જેણે માણ્યું છે એ પેઢી હવે આથમવા આવી છે. છતાં વસંત પંચમી પછી હવામાં એક નવી ખુશનુમા તાજગી અનુભવાય છે. ગીરના જંગલ પર પસાર થઈને સૂસવાટા મારતા વાયુદેવ જ્યારે ગામેગામના પાદરના પીપળાને જગાડે છે ત્યારે દૂર પૂર્વમાં જરાક જેટલા અજવાળાની પ્રભાતી પ્રભા જોવા મળે છે. નવપલ્લવિત થવું એ દરેક વૃક્ષવેલના વસંતસંસ્કાર છે.

ભૌતિક સુખની તાણમાં કેસૂડાનું એક ફૂલ પણ આપણા સ્નાનગૃહમાં પગલાં પાડી શકતું નથી. વસંતઋતુનો બારમાસી રાજદૂત શિશુ છે. આપણા પરિવારોના આંગણે નિત્ય વસંતનો વિજયધ્વજ લઈ દોડાદોડ કરનારા શિશુઓ આપણી જિંદગીની ઉષા અને ઉખ્મા બન્ને છે. શાળાઓમાં આજકાલ જે બાળકો જોવા મળે છે તે માતૃત્વની રેફિસિટ સાથેનાં બાળકો છે. કારણ કોઈ પણ હોય, પરંતુ આજની માતાઓ તેમના સંતાનોને પૂરતો સમય આપી શકતી નથી. લોકડાઉન વખતે પૂરો સમય બાળકોએ ઘર માથે લીધું એ તો એક યાદગાર અપવાદ છે.

કારકિર્દી, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબની અલગ અલગ ભૂલભુલામણી અને વિશેષ તો માતાનું પોતાનું અજ્ઞાન. બાળક જુનિયર કે. જી.માં જતું થાય એટલે માતાઓ હાશકારો અનુભવે છે. પછી બે-ત્રણ વરસ એને રાહ જોવી 'પડે' છે કે ક્યારે બાળક શાળાએ ફુલટાઈમ જતાં થાય. માતાની આ મનોવૃત્તિ ખરેખર તો બાળકની જિંદગીનું મહત્ દુર્ભાગ્ય છે. જે ઘરમાં શિશુઓને આપવાનો સમય સહુ પાસે છે એ ઘરનો ધર્મ વસંત ઋતુ છે, કારણ કે એક બાળક સાથે કામ પાડવામાં જે જે પ્રવૃત્તિઓ થાય તેનાથી સહુની જિંદગી અપડેટ થાય છે.

વસંત ઋતુ પ્રકૃતિની દર વરસે અપડેટ થતી રહેતી નવી આવૃત્તિ છે. દરેક બાળક હજારો અભિનવ જીવનકલા લઈને આવે છે. માતા-પિતાથી વિશેષ દાદા-દાદી કે નાના-નાની સાથે બાળકોને કેમ વધુ માયા બંધાઈ જાય છે? કારણ કે તેઓ તેમને ભરપુર સમય આપે છે. બાળકોની આંખમાં આ જગત વિશે પારાવાર કૌતુક છે. તેઓને પોતાના અસ્તિત્વ વિશે પણ કૌતુક છે. વળી, તેઓ એક સાથે આખું જગત આત્મસાત્ કરવા ચાહે છે અને એ પ્રવૃત્તિમાં એમને એક સાથી-સંગાથી જોઈએ છે. આજકાલ તો અનેક પરિવારોમાં દીકરો કે દીકરી એમ એક જ બાળક હોય છે. એવા સિંગલ ચાઈલ્ડ પેરેન્ટ જે હોય એમની જવાબદારી બાળકની સાથે રહી એની દરેક પ્રવૃત્તિમાં કંપની આપવાની છે.

બાળકોની પ્રમુખ જરૂરિયાત સમય છે. તમે એને જેટલો વધુ સમય આપો એટલો એનો શારીરિક, બૌદ્ધિક અને સંવેદના તંત્રનો વિકાસ વધુ ઝડપી અને સુગમ રહે છે. ઘરમાં દસ કલાક જાગૃત રહેનાર બાળકની સમયની ભૂખ ઓછામાં ઓછી દરરોજ પચાસ કલાકની હોય છે. એટલે કે કુટુંબના અને અન્ય લોકો પાસેથી કુલ પચાસ કલાક લેવા ચાહે છે. એટલો સમય સહુના તરફથી એને સરવાળે મળી રહે ત્યારે એને એક દિવસનું સામયિક પરિપોષણ મળ્યાની તૃપ્તિ એને થાય છે. શૈશવકાળમાં મનુષ્ય વન-ટુ-વન કોમ્યુનિકેશનની વ્યક્તિ નથી. એને સમુહમાં ઉછેર વધુ માફક આવે છે. છતાં ઓછા કે અલ્પસંખ્ય પરિજનો વચ્ચે ઉછરતા બાળકો આ જગતમાં અધિક છે,

આગળ જતાં એ મનુષ્યને આ જગત સાથે અનુકૂલન સાધવામાં તકલીફ પડે છે. તેઓ વારંવાર ઓફ્ટ્રેક થઈ જાય છે. તેઓ વધુ પડતા અંતર્મુખી થઈ શકે છે. અંતર્મુખી હોવું તે જિંદગીના પરમ ઉપાસકનું લક્ષણ છે, પરંતુ બહિર્જગતમાં બહિર્મુખતા અમુક હદે જરૂરી છે. સાવ સામાન્ય દૃષ્ટિએ જુઓ તો બાળક એકની ફરિયાદ બીજાને કરી શકે અને બીજાની ફરિયાદ ત્રીજાને કરી શકે એવી વ્યવસ્થા હોવી જોઈએ. વધુ સમય એકલી માતા પાસે ઉછરતાં બાળકો વારંવાર અને તત્ક્ષણ માની ફરિયાદ કોને કરે? એમાં એને રિસાઈ જવાના ચાન્સ પણ ઓછા મળે. એટલે ક્રમશઃ જે છે એને સ્વીકારી લેવાની સ્થિતિ આવે જે તો માનવ ઉત્ક્રાન્તિથી તદ્દન વિપરીત છે.

આપણે અહીં સુધી પહોંચ્યા એનું કારણ જ એ છે આપણા પૂર્વસૂરિઓએ જે હતું તે ન સ્વીકાર્યું અને એમાં ફેરફાર કર્યો અથવા કંઈક નવું કર્યું. એટલે જે છે તે સ્વીકારી લેવાની બાળકને ટેવ પડી જાય તો એ મનુષ્યના મૂળભુત ગુણસંપુટમાંથીય સહેજ હાંસિયામાં ધકેલાઈ જાય છે. વસંત ઋતુનો આહલાદક અનુભવ એટલે જ જરૂરી છે. દરેક વૃક્ષ ઘનઘોર તાજગીથી પોતાના અસ્તિત્વને સઘન બનાવે છે. વસંત દરેક વૃક્ષની હયાતીને સ્ટ્રોંગ બનાવે છે. પ્રકૃતિમાં એને પુનઃ પ્રવેશ મળે છે. વૃક્ષ ફરી મુખ્ય ધારામાં આવે છે.

ચૂંટણીમાં વિદેશી દખલ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સરકારી ખર્ચામાં કપાતના નામે અબજોપતિ કારોબારી એલન મસ્કના નેતૃત્વમાં જે સરકારી દક્ષતા વિભાગની રચના કરી છે, તેને ભારતીય ચૂંટણીઓમાં મતદારોની ભાગીદારી વધારવા માટે અપાતા ૨.૧ કરોડ ડોલરનું અનુદાન રદ્દ કરવાના નિર્ણયે ભારતની ચૂંટણીઓમાં વિદેશી દખલનો મુદ્દો ફરીથી ગરમાવી દીધો છે.

રાજકીય ખેંચતાણ પોતાની જગ્યાએ છે, પરંતુ એ સવાલ ચોક્કસ ઊઠે છે કે આખરે અમેરિકા બીજા દેશોમાં લોકતાંત્રિક ભાગીદારીને પ્રભાવિત કરવા માટે પોતાના કરદાતાઓના પૈસા કેમ અને કેવી રીતે ખર્ચ કરે છે? દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં હંમેશાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓની વાત થાય છે, પરંતુ હાલનાં વર્ષોમાં ચૂંટણી પ્રક્રિયાઓમાં વિદેશી દખલની આશંકા એક ગંભીર મુદ્દો બનીને ઉભરી છે, જેના સમાચારો પ્રત્યક્ષ અને પરોક્ષ, બંને રૂપે સામે આવ્યા છે. ચાહે તે વિદેશી સરકારો દ્વારા વિત્તપોષિત પ્રચાર અભિયાન હોય, ડિજિટલ માધ્યમો દ્વારા જનમતને પ્રભાવિત કરવાનો પ્રયાસ હોય કે પછી કેટલાક રાજકીય પક્ષોને કથિત રીતે પરોક્ષ રૂપે આર્થિક મદદ ઉપલબ્ધ કરાવવી.

ન્યૂઝક્લિક વિવાદમાં આરોપ લાગ્યા કે તેને ચીન સાથે જોડાયેલા સ્રોતો દ્વારા ફંડ પ્રાપ્ત થયું, જેનો ઉદ્દેશ્ય દેશમાં સરકાર વિરોધી વિમર્શને ઉત્તેજન આપવાનું હતું. લોકસભા ચૂંટણી સમયે માઈક્રોસોફ્ટે ડીપફેક અને એઆઈના ખોટા ઉપયોગ દ્વારા ચીન તરફથી ભારતીય ચૂંટણીઓને લઈને ખતરા પ્રત્યે સચેત પણ કર્યા હતા. આ તથ્યને અલિક્ષત ન કરી શકાય કે અમેરિકાએ ચૂંટણીઓમાં મતદારોની ભાગીદારી વધારવાના નામે જે અનુદાન રોક્યું છે, તે અત્યાર સુધી કોઈને કોઈ હાથમાં તો જતં જ હશે અને કોઈને કોઈ રીતે એ ખર્ચ પણ થતું હશે.

વિદેશી દખલનો અદૃશ્ય હાથ ન માત્ર ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરે છે, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ એક ગંભીર ખતરો છે. તેથી જ્યાં સુધી વિગતોની તપાસ ન થાય ત્યાં સુધી આશંકાઓ તો ઊભી જ રહેશે. તેમાં શંકા નહીં કે લોકતાંત્રિક પ્રક્રિયાઓની પવિત્રતાની રક્ષા કરીને જ ભારત એ સુનિશ્ચિત કરી શકે છે કે વિકાસ અને પ્રગતિની તેની રાહ વિદેશી ચાલોને બદલે પોતાના જ લોકોની ઈચ્છાથી નિર્દેશિત હોય. એવામાં જરૂરી છે કે તમામ રાજકીય પક્ષો દેશની સંપ્રભુતા અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતાની રક્ષા માટે એકજૂટ થાય. સરકાર અને ચૂંટણી પંચ સાઈબર સુરક્ષા અને ડિજિટલ નિરીક્ષણ વધારે અને નાગરિકો એટલા જાગૃત તો બને જ કે તેઓ સોશ્યલ મીડિયા પર ફેલાવાતી ભ્રામક માહિતીઓના જાળમાં ન ફસાય.રાજકીય ખેંચતાણ પોતાની જગ્યાએ છે, પરંતુ એ સવાલ ચોક્કસ ઊઠે છે કે આખરે અમેરિકા બીજા દેશોમાં લોકતાંત્રિક ભાગીદારીને પ્રભાવિત કરવા માટે પોતાના કરદાતાઓના પૈસા કેમ અને કેવી રીતે ખર્ચ કરે છે? દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં હંમેશાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓની વાત થાય છે, પરંતુ હાલનાં વર્ષોમાં ચૂંટણી પ્રક્રિયાઓમાં વિદેશી દખલની આશંકા એક ગંભીર મુદ્દો બનીને ઉભરી છે, જેના સમાચારો પ્રત્યક્ષ અને પરોક્ષ, બંને રૂપે સામે આવ્યા છે.

યુક્રેન મુદ્દે અમેરિકા વર્સીસ યુરોપ : 'નાટો'નું પડીકું, યુરોપીયન આર્મી બનશે

યુરોપના ઘણા દેશોને લાગે છે કે, અમેરિકા પોતાનાં હિતો સાચવવા માટે મથે છે ને ભવિષ્યમાં યુરોપના બીજા દેશો પર આફત આવશે તો તેમના પડખે પણ નહીં ઉભું રહે. આ કારણે અમેરિકાથી સ્વતંત્ર થઈને સુરક્ષા જાતે કરવાનો સમય આવી ગયો છે. ટ્રમ્પના ઈશારે એલન મસ્ક જર્મની, ફ્રાન્સ સહિતના દેશોમાં આત્યંતિક જમણેરી વિચારધારા ધરાવતા પક્ષોને ટેકો આપીને હાલના શાસકોને ઘરભેગા કરવાનો તખ્તો ઘડી રહ્યા છે એ કારણે પણ આ દેશોના શાસકો બગડેલા છે. અમેરિકાની ટેકનોલોજી કંપની યુરોપના દેશોમાં મનમાની કરી શકતી નથી. યુરોપના દેશોએ તેમના પર નિયંત્રણો મૂકતા કાયદા બનાવ્યા તેના કારણે અમેરિકા ભડકેલું છે. આ બધું ભેગું થઈને યુરોપના દેશો યુરોપીયન આર્મી બનાવીને અમેરિકાથી છેડો ફાડી નાંખે ને તેમાં સૌથી પહેલો ભોગ 'નાટો'નો લેવાઈ જાય એવી પૂરી શક્યતા છે.

રશિયા અને યુક્રેનનું યુદ્ધ સમાપ્ત કરાવવા માટે સાઉદી અરેબિયાના રિયાધમાં રશિયા અને અમેરિકા વચ્ચે મંત્રણા શરૂ થઈ છે ત્યારે બીજી તરફ યુરોપના દેશોએ પણ યુક્રેન મુદ્દે પોતાની રીતે જૂથબંધી કરીને પેરિસમાં બેઠક કરી નાંખી. આ બેઠકમાં અમેરિકાને કોરાણે મૂકીને યુરોપીયન આર્મી બનાવવાનો વિચાર વહેતો મૂકાતાં અત્યાર સુધી એક સિક્કાની બે બાજુ જેવા ગણાતા અમેરિકા અને યુરોપના દેશો સામસામે આવી જાય એવાં એંધાણ છે.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ અમેરિકા પોતાના પડખેથી ખસી જાય તો પોતાનું રશિયા સામે લડવાનું ગજું નથી એવું સ્પષ્ટ કરીને યુરોપના દેશો સામે ખોળો પાથર્યો છે. ઝેલેન્સ્કીએ ચેતવણી પણ આપી છે કે, રશિયા યુક્રેનમાં ઘૂસી ગયું તો યુરોપના બીજા દેશોને પણ ખતરો ઉભો થશે તેથી યુરોપે રશિયાના ખતરાને ટાળવા એક થવું જોઈએ. આ વાત ઘણાં દેશોના ગળે ઉતરી છે.

યુરોપીયન યુનિયનમાં યુ.કે. સભ્ય નથી પણ યુક્રેન મામલે અમેરિકાની મનમાની સામેના વિરોધની આગેવાની યુકેએ લીધી છે. યુ.કે.ના વડાપ્રધાન કેયર સ્ટેર્મરે યુક્રેનમાં શાંતિ રહે એ માટે પોતાનું લશ્કર મોકલવાની તૈયારી બતાવી છે. યુરોપીયન યુનિયનના બે સૌથી મોટા દેશ જર્મની અને ફ્રાન્સ યુક્રેનમાં પોતાનું લશ્કર મોકલવા તૈયાર નથી થયાં પણ ઈક્કાર પણ નથી કર્યો. સ્વીડન, પોર્ટુગલ સહિતના યુરોપના ઘણા દેશોએ યુકેની વાતને ટેકો આપતાં યુ,કે. પાછું યુરોપીયન યુનિયનમાં આવી જાય એવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

ઝેલેન્સ્કી અને યુરોપના દેશોનો અમેરિકા સામેનો બળાપો સમજી શકાય એવો છે. ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથે યુક્રેન સાથેનું યુદ્ધ સમાપ્ત કરવા મુદ્દે ચર્ચા કરી પછી ચર્ચા માટે બનાવેલી પેનલમાં યુક્રેન અને યુરોપીયન યુનિયનને સાવ કોરાણે મૂકી દીધાં છે. યુક્રેન યુદ્ધમા પક્ષકાર છે છતાં રશિયા સાથેની મંત્રણામાં યુક્રેનને જ સામેલ નથી કરાયું. અત્યાર સુધી અમેરિકા અને યુરોપના દેશો યુક્રેનને મદદ કરવાના મુદ્દે એક હતા પણ ટ્રમ્પે રશિયાના પુતિન સાથે સીધી લાઈન ચલાવીને યુરોપના દેશોને સાવ કોડીના કરી નાંખ્યા તેથી યુરોપના દેશો પણ ભડકેલા છે.

યુરોપના ઘણા દેશોને લાગે છે કે, અમેરિકા પોતાનાં જ હિતો સાચવવા માટે મથે છે ને ભવિષ્યમાં યુરોપના બીજા દેશો પર આફત આવશે તો તેમના પડખે પણ નહીં ઉભું રહે. આ કારણે હવે અમેરિકાથી સ્વતંત્ર થઈને પોતાની સુરક્ષા જાતે કરવાનો સમય આવી ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પના ઈશારે એલન મસ્ક જર્મની, ફ્રાન્સ સહિતના દેશોમાં આત્યંતિક જમણેરી વિચારધારા ધરાવતા પક્ષોને ટેકો આપીને હાલના શાસકોને ઘરભેગા કરવાનો તખ્તો ઘડી રહ્યા છે એ કારણે પણ આ દેશોના શાસકો બગડેલા છે. અમેરિકાની ટેકનોલોજી કંપની યુરોપના દેશોમાં મનમાની કરી શકતી નથી. યુરોપના દેશોએ તેમના પર નિયંત્રણો મૂકતા કાયદા બનાવ્યા તેના કારણે અમેરિકા ભડકેલું છે. આ બધું ભેગું થઈને યુરોપના દેશો યુરોપીયન આર્મી બનાવીને અમેરિકાથી છેડો ફાડી નાંખે ને તેમાં સૌથી પહેલો ભોગ 'નાટો'નો લેવાઈ જાય એવી પૂરી શક્યતા છે.

'નાટો' મુદ્દે અમેરિકા અને યુરોપના દેશો વચ્ચે લાંબા સમયથી બબાલ ચાલે છે. પોતાના પ્રમુખપદની પહેલી મુદત વખતે ટ્રમ્પે 'કહ્યું હતું કે, જર્મનીએ 'નાટો'ના સભ્ય તરીકે અત્યાર સુધી કોઈ નક્કર કામગીરી કરી નથી કે મહત્વનાં પગલાં લીધા નથી. જર્મની 'નાટો'ને તેના ખર્ચની રકમમાં ફક્ત ૧ ટકા રકમ જ આપે છે અને જર્મનીએ આ રકમ વધારવી જોઈએ. ટ્રમ્પની વાતથી જર્મની ભડકી ગયું હતું કેમ કે જર્મની 'નાટો'ના બજેટમાં ૧૫ ટકા રકમ આપે છે. અમેરિકાની સરકારે આ વાત સ્વીકારીને ચોખવટ કરવી પડી હતી કે, ટ્રમ્પે ભૂલથી આ વાત કહી દીધી હતી.

'નાટો' મુદ્દે પડેલી તિરાડ પછી વધારે પહોળી થઈ છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુએલ મેંક્રોએ ટ્રન્પ પ્રમુખ બન્યા ત્યાર પછી 'ધ ઈકોનોમિસ્ટ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં કહેલું કે, અત્યાર સુધી અમેરિકા અને યુરોપના દેશોનાં હિતો એક હતાં પણ છેલ્લાં કેટલાક વર્ષોથી બંનેનાં હિત અલગ થતાં જાય છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા એ પછી તેમની અમેરિકા ફસ્ટની નિતીના કારણે યુરોપીયન યુનિયનનાં જ નહીં પણ બીજા સાથી દેશોનાં હિતો પણ અમેરિકા માટે ગૌણ બની ગયાં છે. અમેરિકા યુરોપીયન યુનિયનને બાજુ પર મૂકીને પોતાનાં હિત જ વિચારે છે તો યુરોપિયન યુનિયને પણ પોતાનાં હિતો વિશે વિચારવું જોઈએ. આ સંજોગોમાં યુરોપીયન યુનિયને હવે પોતાનાં હિતો વિશે વિચારવું જોઈએ.

મેંક્રોએ ત્યાં સુધી કહ્યું હતું કે, યુરોપિયન યુનિયનના દેશો પોતાને આર્થિક સંગઠન માને છે તેથી યુરોપના બીજાં હિતોની રક્ષા કરવાનું ચૂકી જાય છે. હવે અમેરિકા પર નિર્ભર રહેવાના બદલે યુરોપીયન યુનિયનના દેશોએ પોતાની અલગ ઓળખ ઉભી કરવી પડે, પોતાનાં હિતો વિશે સભાન થવું પડે. યુરોપિયન યુનિયનનું ભવિષ્ય અનિશ્ચિત થઈ ગયું છે અને હજુ નહીં જાગીએ તો આપણા ભવિષ્ય પર આપણું કોઈ નિયંત્રણ રહેશે નહીં, બીજાં લોકો આપણા ભવિષ્યનો નિર્ણય લેતા થઈ જશે. મેક્રોએ 'નાટો'ને પણ પતી ગયેલું અને અપ્રસ્તુત સંગઠન ગણાવ્યું હતું. આ સંગઠનમાં અમેરિકા અને બીજા દેશો મનમાની કરે છે જ્યારે યુરોપીયન યુનિયનને તો કોઈ પૂછતું જ નથી તેવો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. મેક્રોના વિચારોને અત્યારે યુકે સહિતના દેશો પણ સમર્થન આપી રહ્યા છે એ જોતાં બહુ જલદી અમેરિકા અને યુરોપનમા દેશો અલગ થશે એવું લાગે છે.

સોશ્યલ મીડિયામાં ચાલી ગયેલા ખોટા સિક્કા

સોશ્યલ મીડિયાના દમ પર કરિયર બનાવનારા રણવીર અલાહાબાદીયા હવે મીડિયાના ડરથી પોલીસની સામે નથી આવી રહ્યો. જે રીતે લગાન ફિલ્મમાં આમિર ખાનના ગામની ટીમના તમામ ખેલાડી એક સાથે બોલ તરફ ભાગે છે, એ જ રીતે આ મામલે ત્રણ રાજયોની પોલીસ, જિલ્લા અદાલત, મહિલા આયોગ, માનવાધિકાર આયોગ, મહારાષ્ટ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય, માહિતી પ્રસારણ મંત્રાલય અને સંસદીય સમિતિ બાદ હવે સુપ્રીમ કોર્ટની એન્ટ્રી પણ થઈ ગઇ છે. સુપ્રીમ કોર્ટે તો આજે અલાહાબાદીયાનો ઉધડો જ લઈ નાખ્યો છે. આજે ગલીચ અને ચોંકાવનારું કન્ટેન્ટ યુવાઓને ખૂબ લલચાવી રહ્યું છે. આ વિવાદ અને મીડિયા પબ્લિસિટી ગાલી મેં તાલીની જેમ નફાકારક બિઝનેસ મોડલ છે, જ્યાં અભદ્રતા અને અશ્લીલતાના કારોબારથી લાખો લોકો કરોડપતિ બની રહ્યા છે.

એને સારી રીતે સમજવા માટે બે નવીન ઘટનાક્રમ પર ધ્યાન આપવાની જરૂર છે. પહેલી, બિહારમાં ૬૦ ટકા યવાઓ રોજના પાંચ કલાકથી વધુ સમય રીલ બનાવવામાં વિતાવી રહ્યા છે. ફેસબુક, યુટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ અને ઓટીટી પ્લેટફોર્મ પ્રત્યે દીવાનગીનો વાયરસ આખા દેશમાં વિકરાળરૂપે ફેલાઈ ગયો છે. તેથી મોટાભાગના ઈન્ફ્લુએન્સર્સ હલકી કક્ષાના, વાંધાજનક, અશ્લીલ અને શરમજનક કન્ટેન્ટના જોરે સોશ્યલ મીડિયાથી પ્રસિદ્ધિ અને પૈસા, બંને કમાઈ રહ્યા છે.

JM FINANCIAL

જેએમ ફાઈનાન્સિયલ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ
કોર્પોરેટ ઓળખ નં. U67190MH2007PLC174287
રજીસ્ટર્ડ ઓફિસ : સાતમો માળ, એનર્જી અભ્યાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫.
સંપર્ક વ્યક્તિ : વરીયા વલ્લભભાઈ-૯૮૨૫૨૬૩૬૫૫, વિશાલ કેટેલે-૯૫૮૪૬૬૬૬૫૩,
જ્યોતિ સર્વત-૦૨૨-૬૨૨૪૧૬૭૬

ઈ-હરાજી વેચાણ નોટીસ — અનુગામી વેચાણ

ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (સરફેસી એકટ) જેએમએફએઆરસી (જેએમ) (અહીં અસાઈની તરીકે ઓળખવામાં આવે છે) ની તરફેણમાં ૨૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ JMFARC-Aranya - Trust (સોંપણી કરાર) દ્વારા તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવા માટે છે કે પીરામલ કેપીટલ અને હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ અંતર્ગત સુરક્ષા હિત સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહીત) અસાઈન કરેલ છે જે જોતાં તમામ ઓપરેશનલ અને કાર્યવાહી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે પીસીએચએફએલ સેવા પ્રદાતા / સંગ્રહ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવેલ છે. સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ અસાઈમેન્ટ / સર્વિસ એગ્રીમેન્ટની કલમ ૫(૧) (બી) હેઠળ તમામ હકો, શીર્ષક અને તેના પરના હિત સાથે સરફેસી એકટ - ૨૦૦૨ હેઠળ સિકયોર્ડ ક્રેડીટરના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતનો કબજો લેવાનાં અનુસંધાનમાં, ઉધારકર્તાઓ પાસેથી બાકી રકમની વસુલાત માટે, નીચે આમંત્રિત કરવામાં આવે છે. જે કબજામાં છે, જેમ છે તે પ્રમાણે છે, જેમ છે તે પ્રમાણે છે અને જેમ છે તે આધાર છે, જેની વિગતો નીચે આપેલ છે.

લોન કોર્ડ/શાખા / ઉધારકર્તાઓ / સહ-ઉધારકર્તાઓ/જમીનદારો	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	મિલકતનું સરનામું	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) (10% of RP)	બાકી હ્રહેણી રકમ (૧૯.૦૨.૨૦૨૫)
Loan Code No.: 20100044852, અમદાવાદ - સીજી રોડ (શાખા), સંજીવકુમાર નાઈ (ઉધારકર્તા), રચનાબેન સંજીવકુમાર નાઈ (સહ-ઉધારકર્તા-૧)	૨૨.૦૫.૨૦૨૧ રૂા. ૧૩,૬૬,૮૭૪/- (રૂા. તેર લાખ છાસઠ લાખ આઠસો ચું્મોતેર પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફલેટ નં. બી/૩૦૩, નેયા એપાર્ટમેન્ટ, રામોલ ટોલ પ્લાઝાની પાસે, આકૃતિ એપાર્ટમેન્ટ રોડ, રામોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૪૯. ચતુઃસીમા :- ઉત્તરે : રોડ, દક્ષિણે : ફલેટ નં. બી-૩૦૪, પૂર્વે : ફલેટનું માર્જીન, પશ્ચિમે : જગ્યા અને ફલેટ નં. બી-૩૦૨.	રૂા. ૬,૧૧,૨૫૦/- (રૂા. નવ લાખ અગિયાર હજાર બસ્સો પચ્ચાસ પુરા)	રૂા. ૬૧,૧૨૫/- (રૂા. એકાણું હજાર એકસો પચ્ચીસ પુરા)	રૂા. ૨૩,૪૪,૭૩૬/- (રૂા. ત્રેવીસ લાખ ચું્માલીસ હજાર સાતસો ઓગણચાલીસ પુરા)
Loan Code No.: 04100000990 & 04100008843 સુરત - મજુરા ગેટ (શાખા), ગણેશ દલપતભાઈ વાલંત્રા (ઉધારકર્તા), જગદીશ દલપતભાઈ વાલંત્રા (સહ-ઉધારકર્તા-૧), દલપતભાઈ સોમચંદ વાલંત્રા (સહ-ઉધારકર્તા-૨)	૨૩.૦૭.૨૦૨૧ રૂા. ૪,૧૪,૫૩૨/- (રૂા. ચાર લાખ ચૌદ લાખ પાંચસો બત્રીસ પુરા) અને ૨૩.૦૭.૨૦૨૧ રૂા. ૧,૭૭,૦૪૫/- (રૂા. એક લાખ સિત્યાસી લાખ પિસ્તાલીસ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફલેટ નં. ટી - ૫૦૧, વ્રજ ભૂમી રેસીડેન્સી, જુનો ઉન જકાતનાકાની પાસે, સ્વપ્નસૃષ્ટી, જીયાવ બુધીયા રોડની પાસે, ભેસ્તાન, સુરત, ગુજરાત - ૩૯૪૨૧૦. ચતુઃસીમા :- ઉત્તરે : ફલેટ નં. ૫૦૮ અને સીડી, દક્ષિણે : ફલેટ નં. ૫૦૨, પૂર્વે : ખુલ્લો એરીયા, પશ્ચિમે : ફલેટ નં. ૫૦૪, લીફટ અને જગ્યા.	રૂા. ૬,૮૫,૫૦૦/- (રૂા. નવ લાખ પચ્યાસી હજાર પાંચસો પુરા)	રૂા. ૬૮,૫૫૦/- (રૂા. અઠ્ઠાણું હજાર પાંચસો પચ્યાસ પુરા)	રૂા. ૭,૨૩,૭૪૧/- (રૂા. સાત લાખ ત્રેવીસ હજાર સાતસો એકતાલીસ પુરા) અને રૂા. ૩,૨૫,૬૨૧/- (રૂા. ત્રણ લાખ પચ્ચીસ હજાર સાતસો એકવીસ પુરા)
Loan Code No.: 04100008430, સુરત - મજુરા ગેટ (શાખા), રાજકિશોર ગણેશ મહતો (ઉધારકર્તા), સરીતાદેવી રાજકિશોર મહતો (સહ-ઉધારકર્તા-૧)	૨૨.૦૫.૨૦૨૧ રૂા. ૧૧,૭૬,૫૬૦/- (રૂા. અગિયાર લાખ ઓગણએંસી લાખ પાંચસો સાહીઠ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે પ્લોટ નં. ૩૦૮, આરાધના પ્લેટીનિયમ - ૧, તુલશી પેપર મીલની પાસે, કારેલી - મોતા રોડ, ગુજરાત - ૩૯૪૩૨૭. ચતુઃસીમા :- ઉત્તરે : પ્લોટ નં. ૩૦૭, દક્ષિણે : પ્લોટ નં. ૩૦૯, પૂર્વે : સોસાયટી રોડ, પશ્ચિમે : અન્યની મિલકત.	રૂા. ૭,૬૦,૦૦૦/- (રૂા. સાત લાખ નેવું હજાર પુરા)	રૂા. ૭૬,૦૦૦/- (રૂા. ઓગણએંસી હજાર પુરા)	રૂા. ૨૦,૦૪,૭૨૩/- (રૂા. વીસ લાખ ચાર હજાર સાતસો ત્રેવીસ પુરા)
Loan Code No.: 04100004601, સુરત - મજુરા ગેટ (શાખા), મનિષ મુળચંદ ટનવાર (ઉધારકર્તા), રાકેશ બજરંગ સૈની	૨૯.૧૨.૨૦૨૨ રૂા. ૯,૫૬,૧૦૭/- (રૂા. નવ લાખ છપ્પન લાખ એકસો સાત પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે ફલેટ નં. એ-૨/૪૦૩, ગોકુલધામ રેસીડનસી, ઉમંગ રેસીડેન્સીની પાસે, રેલ્વે સ્ટેશનની સામે, સચીન (પ્લાન મુજબ ત્રીજો માળ), સુરત, ગુજરાત - ૩૯૪૨૩૦. ચતુઃસીમા :- ઉત્તરે : લીફટ અને ઓટીએસ, દક્ષિણે : સીડી, પૂર્વે : માર્જીન, પશ્ચિમે : જગ્યા અને ફલેટ નં. ૪૦૧.	રૂા. ૯,૧૩,૫૦૦/- (રૂા. નવ લાખ તેર હજાર પાંચસો પુરા)	રૂા. ૯૧,૩૫૦/- (રૂા. એકાણું હજાર ત્રણસો પચ્યાસ પુરા)	રૂા. ૧૩,૩૫,૨૨૮/- (રૂા. તેર લાખ પાંત્રીસ હજાર બસ્સો અઠયાવીસ પુરા)
Loan Code No.: 04100010198, સુરત - મજુરા ગેટ (શાખા), ચિરાગ રમેશભાઈ સોજીત્રા (ઉધારકર્તા), સેજલબેન ચિરાગભાઈ સોજીત્રા (સહ-ઉધારકર્તા- ૧), રાકેશભાઈ રમેશભાઈ સોજીત્રા (સહ-ઉધારકર્તા- ૨)	૨૧.૧૦.૨૦૨૧ રૂા. ૧૦,૧૧,૭૪૩/- (રૂા. દસ લાખ અગિયાર લાખ સાતસો તેતાલીસ પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે પ્લોટ નં. ૨૫૩, ધારા રેસીડેન્સી, ભાગ - ૧, ગોકુલધામ રેસીડેન્સીની પાસે, શેખપુર રોડ, વેલંજા, સુરત, ગુજરાત - ૩૯૪૧૫૦. ચતુઃસીમા :- ઉત્તરે : પ્લોટ નં. ૨૫૨, દક્ષિણે : પ્લોટ નં. ૨૫૪, પૂર્વે : સોસાયટીનો આંતરીક રોડ, પશ્ચિમે : પ્લોટ નં. ૨૫૬.	રૂા. ૯,૩૬,૦૦૦/- (રૂા. નવ લાખ છત્રીસ હજાર પુરા)	રૂા. ૯૩,૬૦૦/- (રૂા. ત્રાણું હજાર છસ્સો પુરા)	રૂા. ૧૩,૯૪,૬૦૪/- (રૂા. તેર લાખ ચોર્યાસી હજાર છસ્સો ચાર પુરા)
Loan Code No.: 32400000074, સુરત - મજુરા ગેટ (શાખા), વિકાસ એ રાજપુરોહિત (ઉધારકર્તા), મમતા વિકાસ રાજપુરોહિત (સહ-ઉધારકર્તા- ૧)